


IPL 2026 | આજની મેચ SRH Vs RR | સમય: સાંજે 7:30 વાગ્યે | સ્થળ: હૈદરાબાદ

| ટીમ | મેચ | જીત | હાર | રદ | પોઇન્ટ | નેટ રન |
|---|---|---|---|---|---|---|
| RR | 4 | 4 | 0 | 0 | 8 | 2.055 |
| PBKS | 4 | 3 | 0 | 1 | 7 | 0.720 |
| RCB | 3 | 2 | 1 | 0 | 4 | 1.231 |
| DC | 4 | 2 | 2 | 0 | 4 | 0.322 |
| GT | 4 | 2 | 2 | 0 | 2 | -0.029 |
| LSG | 4 | 2 | 2 | 0 | 4 | -0.427 |
| SRH | 4 | 1 | 3 | 0 | 2 | -0.024 |
| MI | 3 | 1 | 2 | 0 | 2 | -0.715 |
| CSK | 4 | 1 | 3 | 0 | 2 | -1.532 |
| KKR | 4 | 0 | 3 | 1 | 1 | -1.315 |

# ગુજરાત ટાઈટન્સે લખનૌને 7 વિકેટથી હરાવ્યું

**પ્રસિદ્ધ** કૃષ્ણની 4 વિકેટ, લખનઉને 164 રન પર અટકાવ્યું

**ગુજરાતે** 19 ઓવરમાં લક્ષ્યાંક મેળવ્યો, ગિલ અને બટલરની ફિફ્ટી





લખનઉ, તા. 12 (પીટીઆઈ): રવિવારે રમાયેલી IPL મેચમાં ગુજરાત ટાઈટન્સે (GT) યજમાન લખનૌ સુપર જાયન્ટ્સ (LSG) સામે 7 વિકેટથી આસાન વિજય મેળવ્યો છે. પ્રસિદ્ધ કૃષ્ણની શાનદાર બોલિંગ અને શુભમન ગિલ-જોસ બટલરની અડધી સદીની મદદથી ગુજરાતે 165 રનનો લક્ષ્યાંક 8 બોલ બાકી રહેતા પાર પાડ્યો હતો.

પ્રથમ બેટિંગ કરતા લખનૌની ટીમ નિર્ધારિત 20 ઓવરમાં 8 વિકેટે 164 રન જ બનાવી શકી હતી. ગુજરાતના ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણએ 24 રન આપીને 4 વિકેટ ઝડપી લખનૌના મધ્યક્રમને તોડી નાખ્યું હતું. લખનૌ તરફથી એડન માર્કરામે સૌથી વધુ 30 રન બનાવ્યા હતા, જ્યારે કેપ્ટન ઋષભ પંત (18) અને મિશેલ માર્શ (11) નિષ્ફળ રહ્યા હતા. ગત મેચનો હીરો મુકુલ ચૌધરી પણ માત્ર 18 રન બનાવી શક્યો હતો.

જવાબમાં ગુજરાતની શરૂઆત સારી રહી હતી. કેપ્ટન શુભમન ગિલે 56 રન (40 બોલ) અને જોસ બટલરે 60 રન (44 બોલ) ફટકારી બીજી વિકેટ માટે 85 રનની ભાગીદારી કરી હતી. બટલરને પંતે જીવનદાન આપ્યું હતું, જે લખનૌને ભારે પડ્યું. અંતમાં વોશિંગ્ટન સુંદર (21*) અને રાહુલ તેવટિયાએ (10*) ટીમને વિજય સુધી પહોંચાડી હતી. આ જીત સાથે ગુજરાતે પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે.

| **લખનઉ સુપર જાયન્ટ્સ** | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| માર્કરમ કો વૉશિંગ્ટન બો પ્રસિદ્ધ | 30 | 21 | 5 | 1 |
| માર્શ કો ગિલ બો રબાડા | 11 | 4 | | |
| પંત કો તેવટિયા બો સિરાજ | 18 | 11 | 2 | 1 |
| બડોની કો ફિલીપ્સ બો પ્રસિદ્ધ | 9 | 11 | 1 | 0 |
| પૂરન કો ગિલ બો પ્રસિદ્ધ | 19 | 21 | 0 | 2 |
| અબ્દુલ કો ફીલીપ્સ બો અશોક | 18 | 22 | 2 | 0 |
| મુકુલ કો બટલર બો પ્રસિદ્ધ | 18 | 14 | 1 | 1 |
| જ્યોર્જ કો શાહરૂખ બો અશોક | 16 | 10 | 3 | 0 |
| મોહમ્મદ શમી અણનમ | 12 | 5 | 1 | 1 |
| આવેશ ખાન અણનમ | 4 | 1 | 1 | 0 |
| વધારાના | 9 | | | |

કુલ 20 ઓવરમાં 8 વિકેટે 164 રન
વિકેટ પતન: 1-14, 2-45, 3-69, 4-74, 5-109, 6-118, 7-131, 8-157

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ સિરાજ | 4 | 0 | 19 | 1 |
| કાગીસો રબાડા | 4 | 0 | 54 | 1 |
| અશોક શર્મા | 4 | 0 | 32 | 2 |
| પ્રસિદ્ધ કૃષ્ણ | 4 | 0 | 28 | 4 |
| રાશિદ ખાન | 4 | 0 | 25 | 0 |

| **ગુજરાત ટાઈટન્સ** | રન | બોલ | 4 | 6 |
|---|---|---|---|---|
| સુદર્શન કો આવેશ બો રાઠી | 15 | 14 | 3 | 0 |
| ગિલ કો પંત બો પ્રિન્સ | 56 | 40 | 6 | 1 |
| બટલર કો માર્કરમ બો શમી | 60 | 37 | 11 | 0 |
| વોશિંગ્ટન સુંદર અણનમ | 21 | 13 | 2 | 1 |
| રાહુલ તેવટિયા અણનમ | 10 | 8 | 1 | 0 |
| વધારાના | 3 | | | |

કુલ 18.4 ઓવરમાં 3 વિકેટે 165 રન
વિકેટ પતન: 1-45, 2-129, 3-135

| બોલિંગ | O | M | R | W |
|---|---|---|---|---|
| મોહમ્મદ શમી | 4 | 0 | 36 | 1 |
| પ્રિન્સ યાદવ | 4 | 0 | 31 | 1 |
| દિગ્વેશ રાઠી | 4 | 0 | 31 | 1 |
| જ્યોર્જ લિન્ડે | 3 | 0 | 28 | 0 |
| આવશે ખાન | 2 | 0 | 24 | 0 |
| એઈડન માર્કરમ | 1.4 | 0 | 15 | 0 |

# RCBએ મુંબઈ ઈન્ડિયન્સ સામે 240 રનનો વિશાળ સ્કોર ખડક્યો

**સોલ્ટ** અને કોહલીની 120 રનની ભાગીદારી બાદ રજત પાટીદારે વિસ્ફોટક બેટિંગ કરી 17 બોલમાં ફિફ્ટી ફટકારી



મુંબઈ, તા. 12 (પીટીઆઈ): આઈપીએલ 2026ની રવિવારની રોમાંચક મેચમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુએ (RCB) બેટિંગમાં આક્રમક પ્રદર્શન કરતા મુંબઈ ઈન્ડિયન્સ સામે 4 વિકેટે 240 રનનો પહાડ જેવો સ્કોર ખડક્યો છે. વિરાટ કોહલી, ફિલ સોલ્ટ અને રજત પાટીદારની શાનદાર અડધી સદીઓએ બેંગલુરુને મજબૂત સ્થિતિમાં લાવી દીધું છે.

મેચની શરૂઆતથી જ બેંગલુરુના ઓપનરોએ મુંબઈના બોલરો પર દબાણ બનાવ્યું હતું. ફિલ સોલ્ટે (78 રન) આક્રમક રમત રમતા ટ્રેન્ટ બોલ્ટ અને મિશેલ સેન્ટનરના બોલ પર છગ્ગાનો વરસાદ કર્યો હતો. બીજી તરફ, વિરાટ કોહલીએ (50 રન) સંયમ અને આક્રમકતાનો સમન્વય કરી સોલ્ટ સાથે પ્રથમ વિકેટ માટે 120 રનની ભાગીદારી કરી હતી. મુંબઈના જસપ્રીત બુમરાહે પાવરપ્લેમાં રન રોકવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ અન્ય બોલરો રન રોકવામાં નિષ્ફળ રહ્યા હતા.

મધ્યક્રમમાં રજત પાટીદારે તોફાની બેટિંગ કરી માત્ર 17 બોલમાં ફિફ્ટી ફટકારી હતી. તેણે મયંક માર્કંડેની ઓવરમાં સતત ત્રણ છગ્ગા ફટકારીને સ્કોરબોર્ડની ગતિ વધારી દીધી હતી. પાટીદારે 20 બોલમાં 53 રનનું યોગદાન આપ્યું હતું.

અંતિમ ઓવરોમાં ટિમ ડેવિડે (35*) માત્ર 16 બોલમાં ઝડપી રન બનાવીને ટીમને 240 સુધી પહોંચાડી હતી. મુંબઈ તરફથી શાર્દુલ ઠાકુર અને મિશેલ સેન્ટનરે વિકેટો ઝડપી હતી, પરંતુ તેઓ રન રેટ પર અંકુશ મેળવી શક્યા નહોતા.

# બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપ: આયુષ શેટ્ટીએ ઐતિહાસિક સિલ્વર જીત્યો



**ફાઈનલમાં** આયુષ વિશ્વમાં બીજા ક્રમના શી યુ ક્વિ સામે હાર્યો

**આ** સ્પર્ધામાં પુરુષ સિંગલ્સમાં ગોલ્ડ જીતવાની ભારતની 61 વર્ષની રાહ વધુ લંબાઈ

નિંગબો (ચીન), તા. 12 (પીટીઆઈ): ભારતના 20 વર્ષીય યુવા પ્રતિભાશાળી આયુષ શેટ્ટીએ રવિવારે રમાયેલી બેડમિન્ટન એશિયા ચેમ્પિયનશિપની ફાઈનલમાં સિલ્વર મેડલ જીતીને ઈતિહાસ રચ્યો છે. ફાઈનલમાં આયુષનો સામનો વિશ્વના બીજા ક્રમના ચીની ખેલાડી શી યુ ક્વિ સામે થયો હતો, જેમાં આયુષનો 8-21, 10-21થી પરાજય થયો હતો. આ સાથે જ આ સ્પર્ધામાં પુરુષ સિંગલ્સમાં ગોલ્ડ મેડલ જીતવાની ભારતની 61 વર્ષની રાહ વધુ લંબાઈ છે.

માંગલોરના આ બિનક્રમાંકિત ખેલાડીએ આખી ટૂર્નામેન્ટ દરમિયાન અદભૂત રમત બતાવી હતી. તેણે ફાઈનલ સુધી પહોંચવા માટે વિશ્વના પ્રથમ ક્રમના કુનલાવુત વિતિદસાર્ન, ચોથા ક્રમના જોનાથન ક્રિસ્ટી અને સાતમા ક્રમના લિ શી ફેંગ જેવા દિગ્ગજોને હરાવીને તમામને ચોંકાવી દીધા હતા. દિનેશ ખન્ના (1965) પછી આયુષ આ સ્પર્ધાની ફાઈનલમાં પહોંચનારો માત્ર બીજો ભારતીય પુરુષ સિંગલ્સ ખેલાડી બન્યો છે.

ફાઈનલ મેચમાં અનુભવી શી યુ ક્વિએ શરૂઆતથી જ દબદબો જાળવી રાખ્યો હતો. પ્રથમ ગેમમાં આયુષે લય મેળવવા સંઘર્ષ કર્યો અને ઘણી ભૂલો કરી. બીજી ગેમમાં આયુષે 7-2 ની લીડ મેળવીને વાપસીની આશા જગાડી હતી, પરંતુ ચીની ખેલાડીએ પોતાની ચપળતા અને આક્રમક સ્મેશ દ્વારા વળતો પ્રહાર કરી મેચ પોતાના નામે કરી લીધી હતી. ભલે આયુષ ગોલ્ડ મેડલ ન જીતી શક્યો, પરંતુ તેની આ સિલ્વર મેડલની સિદ્ધિ ભારતીય બેડમિન્ટન માટે ખૂબ જ ગર્વની વાત છે.

# આશા ભોંસલેનું નિધન: સચિન, કોહલી સહિત અન્ય હસ્તીઓની ભાવુક શ્રદ્ધાંજલિ



**એવું** લાગે છે જાણે સમય રોકાઈ ગયો હોય: સચિન

મુંબઈ, તા. 12: સુપ્રસિદ્ધ ગાયિકા આશા ભોંસલેનું રવિવારે મુંબઈમાં 92 વર્ષની વયે નિધન થયું છે. સંગીત જગતની આ ખોટ પર દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકર અને વિરાટ કોહલીએ ઘેરો શોક વ્યક્ત કર્યો છે. પદ્મ વિભૂષણથી સન્માનિત આશા તાઈ સાથે સચિનનો અત્યંત ગાઢ અને પારિવારિક સંબંધ હતો.

સચિન તેંડુલકરે સોશિયલ મીડિયા પર ભાવુક સંદેશ લખતા કહ્યું કે, 'આ ભારત અને વિશ્વભરના સંગીત પ્રેમીઓ માટે અત્યંત દુઃખદ દિવસ છે. અમારા માટે આશા તાઈ પરિવાર સમાન હતા. આજે જે ખોટ વર્તાઈ રહી છે તેને શબ્દોમાં વર્ણવવી મુશ્કેલ છે. એવું લાગે છે જાણે સમય રોકાઈ ગયો હોય. તેમના અમર ગીતો દ્વારા તેઓ હંમેશા આપણી વચ્ચે જીવંત રહેશે.'

આ ઉપરાંત ટીમ ઈન્ડિયાના હેડ કોચ ગૌતમ ગંભીર, પૂર્વ કેપ્ટન અનિલ કુંબલે, દિગ્ગજ સ્પિનર હરભજન સિંહ, યુવરાજ સિંહ, શિખર ધવન, ભુવનેશ્વર કુમાર, યુસુફ પઠાણ અને પૂર્વ મહિલા ક્રિકેટર ઝુલન ગોસ્વામી જેવા દિગ્ગજ ખેલાડીઓએ આશાજીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે.

યુવરાજે હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ આપતા કહ્યું કે, 'આજે એવું લાગે છે જાણે આપણા મોટા થવાનો એક હિસ્સો (આપણા બાળપણની યાદો) આજે હંમેશ માટે ખામોશ થઈ ગયો છે.' અન્ય ખેલાડીઓએ પણ આશાજીની અજોડ પ્રતિભા અને તેમની અમર વિરાસતને યાદ કરી આભાર માન્યો હતો.

# એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ: અમન અને મુકુલને સિલ્વર મેડલ

ભારતનું 17 મેડલ સાથે શાનદાર અભિયાન પૂરું થયું



બિશકેક (કિર્ગીસ્તાન), તા. 12 (પીટીઆઈ): એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપમાં ભારતે તેના અભિયાનનો અંત 17 મેડલ (2 ગોલ્ડ, 6 સિલ્વર અને 9 બ્રોન્ઝ) ની શાનદાર સિદ્ધિ સાથે કર્યો છે. રવિવારે સ્પર્ધાના અંતિમ દિવસે ઓલિમ્પિક મેડલિસ્ટ અમન સેહરાવત અને મુકુલ દહિયાએ પોતપોતાની ફાઈનલમાં હાર્યા બાદ સિલ્વર મેડલ મેળવ્યા હતા.

પુરુષોના 61 કિગ્રા ફ્રીસ્ટાઈલ કેટેગરીમાં અમન સેહરાવતનો સામનો કોરિયાના ક્વાંગ મ્યોંગ કિમ સામે થયો હતો. આ રસાકસીથી ભરપૂર ફાઈનલમાં અમનનો 10-13થી પરાજય થયો હતો. ત્યારબાદ, 86 કિગ્રા કેટેગરીમાં મુકુલ દહિયા ઈરાનના મજબૂત ખેલાડી કામરાન ઘાસેમપુર સામે 0-7 થી હાર્યો હતો. આ ઉપરાંત, 125 કિગ્રા કેટેગરીમાં દિનેશે બ્રોન્ઝ મેડલ માટેના મુકાબલામાં કિર્ગિસ્તાનના ખેલાડીને 12-1થી હરાવીને ટેકનિકલ સુપિરિયોરિટીના આધારે બ્રોન્ઝ મેડલ જીત્યો હતો.

આમ, ભારતીય પહેલવાનોએ આ પ્રતિષ્ઠિત ચેમ્પિયનશિપમાં પ્રભુત્વ જાળવી રાખી એશિયામાં પોતાની મજબૂત પકડ સાબિત કરી છે.

# રાજસ્થાનના મેનેજર ડગઆઉટમાં મોબાઈલ વાપરતા ઝડપાયા, BCCI તપાસ કરશે



**આ** ઘટના સમયે વૈભવ સૂર્યવંશી પણ તેમની બાજુમાં બેઠો હતો

**ભિન્દર** પર દંડ અથવા મેચ પ્રતિબંધ જેવી કાર્યવાહી થઈ શકે છે

નવી દિલ્હી, તા. 12 (પીટીઆઈ): રાજસ્થાન રોયલ્સ (RR)ના લાંબા સમયથી કાર્યરત ટીમ મેનેજર રોમી ભિન્દર વિવાદમાં ફસાયા છે. ગૌહાટીમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામેની મેચ દરમિયાન તેઓ ડગઆઉટમાં બેસીને મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા ટીવી કેમેરામાં કેદ થયા હતા. BCCIના પ્રોટોકોલ મુજબ, મેચ દરમિયાન ડગઆઉટ (PMOA એરિયા)માં મોબાઈલ ફોનનો ઉપયોગ સખત પ્રતિબંધિત છે.

BCCI સચિવ દેવાજીત સૈકિયાએ જણાવ્યું હતું કે, 'અમે આ મામલે વીડિયો ફૂટેજની તપાસ કરી રહ્યા છીએ અને પુરાવા એકઠા કર્યા પછી જ કોઈ તાર્કિક નિષ્કર્ષ પર પહોંચીશું.' એન્ટિ-કરપ્શન યુનિટ (ACU)ના નિયમો મુજબ, ટીમ મેનેજર ડ્રેસિંગ રૂમમાં ફોન વાપરી શકે છે, પરંતુ ડગઆઉટમાં નહીં.

નોંધનીય છે કે આ ઘટના સમયે ટીમનો યુવા ખેલાડી વૈભવ સૂર્યવંશી પણ તેમની બાજુમાં બેઠો હતો, જેણે ભિન્દરને પોતાના 'લોકલ ગાર્ડિયન' ગણાવ્યા છે. જો આ મામલે પ્રોટોકોલ ભંગ સાબિત થશે, તો મેચ રેફરી અને ACUના રિપોર્ટના આધારે ભિન્દર પર દંડ અથવા મેચ પ્રતિબંધ જેવી કાર્યવાહી થઈ શકે છે.

# યુએસ ઓપન પિકલબોલ ચેમ્પિયનશિપ: અર્જુન અને આદિત્યએ ભારતને અપાવ્યો ઐતિહાસિક ગોલ્ડ



**આ સ્પર્ધામાં** ગુજરાતના પંથ ઠક્કર-અથર્વ સેઠે પણ ભાગ લીધો હતો

મુંબઈ, તા. 12 (પીટીઆઈ): અમેરિકાના ફ્લોરિડામાં રમાઈ રહેલી પ્રતિષ્ઠિત યુએસ ઓપન પિકલબોલ ચેમ્પિયનશિપમાં ભારતે ઈતિહાસ રચ્યો છે. અર્જુન સિંહ અને આદિત્ય સિંહે ફાઈનલમાં ટોચના ક્રમના અમેરિકન ખેલાડીઓ રાઈડર બ્રાઉન અને સોલી મેસિરીને હરાવીને ભારત માટે પ્રથમ ગોલ્ડ મેડલ જીત્યો છે.

U-18 બોયઝ ડબલ્સ કેટેગરીમાં રમાયેલી આ ફાઈનલ મેચમાં ભારતીય જોડીએ શાનદાર પ્રદર્શન કરતા અમેરિકન જોડીને 11-1, 11-5થી હરાવી હતી. આ ઉપરાંત, મહિલા સિંગલ્સમાં નાગા મોક્ષએ ભારત માટે બ્રોન્ઝ મેડલ જીત્યો છે. ભારતની રમત મંત્રાલય દ્વારા ઈન્ડિયન પિકલબોલ એસોસિએશનને માન્યતા મળ્યા બાદ આ પ્રથમ વખત છે જ્યારે ભારતીય ટીમ આ ચેમ્પિયનશિપની 10મી આવૃત્તિમાં ભાગ લઈ રહી છે.

આ સ્પર્ધામાં ભારતની અન્ય બે જોડીઓએ પણ ભાગ લીધો હતો, જેમાં ગુજરાતના પંથ ઠક્કર-અથર્વ સેઠ અને જીત સૂદ-યુવરાજ સિંહ સામેલ હતા.

## સુડોકુ ૨૩૪૬ - 'કૃતિ'

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | | | | | | | ૩ |
| | | | | | | ૪ | ૨ | ૯ |
| | ૨ | ૩ | | | | | | ૭ |
| | ૪ | | | ૫ | ૭ | | | |
| ૯ | | ૭ | | | | ૫ | ૩ | |
| | | ૧ | | ૨ | ૬ | | ૮ | ૪ |
| | ૭ | | | | ૮ | | | ૧ |
| ૧ | | ૬ | ૭ | | ૫ | ૨ | | ૮ |
| | | | ૬ | ૪ | | ૩ | | ૫ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોકસ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોકસમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોકસમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### ઉનાળાનું અમૃત

ઉનાળાનું નવમું અમૃત! મીઠો સુગંધી વાળો, પાણીમાં નાખી પીશો તો નહિ નડે કાળો ઉનાળો.

## આજનું પંચાંગ

**તા. 13/04/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** ચૈત્ર
**તિથિ:** વદ: અગિયારસ: 25:09-વરુધિની એકાદશી **અયન :** ઉત્તરાયન
**ઋતુ :** વસંત **રાષ્ટ્રિય દિનાંક :** ચૈત્ર: 23
**યોગ :** શુભ **કરણ:** બવ
**નક્ષત્ર :** ધનિષ્ઠા:16:04
**રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.)
**દિવસ :** શુભ - શ્રી વલ્લભાચાર્ય જયંતી
**સુરતમાં સૂર્યોદય :** 06:23 **સુરતમાં સૂર્યાસ્ત :** 18:55
**નવકારસી :** 07:11
**પારસી વર્ષ :** 1395 આદર માસનો 02જો રોજ
**મુસલમાન વર્ષ :** 1447 શવ્વાલ માસનો 24મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
**રાહુ કાળ :** 07:30 થી 09:00 સુધી

## આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

**મેષ (અ,લ,ઇ,):** નવા રોકાણમાં ધીરજ રાખવી. મિત્રો સાથે વિવાદ થાય. અચાનક શુભ સમાચાર મળે. અભ્યાસમાં પ્રગતિ.

**વૃષભ (બ,વ,ઉ,):** વેપારમાં આવક વધે. નોકરીમાં કાર્યબોજ અને જવાબદારી વધે. નવા સોદામાં ધીરજ રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** ઉચ્ચ શિક્ષણ અને વિદેશનાં કામમાં વિઘ્નો આવે. નોકરી માટેના પ્રયત્નો સફળ રહે. મિત્રોનો સાથ.

**કર્ક (ડ,હ,):** આંખ-પેટ અને કિંમતી સામાન બાબતે સાવધાની રાખવી. સરકારી કામમાં વિઘ્નો આવે.

**સિંહ (મ,ટ,):** નોકરી ધંધા-વ્યવસાયમાં ચડતી-પડતી રહે. રોજના કામમાં કંટાળો આવે. ઘરમાં અશાંતિ વધે.

**કન્યા (પ,ઠ,ણ,):** આરોગ્યના ખર્ચા વધશે. વિજાતિય મિત્રોથી સાવધાન રહેવું. આર્થિક વ્યવહારમાં સાવધાન.

**તુલા (ર,ત,):** શેર, સટ્ટા, લોટરી, વાયદાના કામમાં કોઈની વાતોમાં આવવું નહીં. પ્રેમમાં ગેરસમજ રહે. ઇર્ષાળુથી સાવધાન.

**વૃશ્ચિક (ન,ય,):** ઘરમાં અવર-જવરથી અશાંતિ વધશે. વડીલોના આરોગ્યની ચિંતા રહે. બહારના કામમાં વિલંબ.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પડવા-વાગવા અને વાદ-વિવાદ બાબતે સાવધાની રાખવી. અચાનક પ્રવાસ થાય. મન પર ભાર રહે.

**મકર (ખ,જ,):** વાણી પર કાબૂ રાખવો. ઘરના કામમાં વિઘ્નો આવે. ખર્ચા વધશે. સંતાનોની ચિંતા સતાવે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** સમાજ પરિવાર કુટુંબની જવાબદારી વધે. આરોગ્ય નરમ રહે. આવક કરતાં જાવક વધશે.

**મીન (દ,ચ,ઝ,થ,):** અચાનક ખર્ચા આવે. સરકારી કામમાં સાવધાની રાખવી. પોલીસ લફરાથી બચવું.

## કોઈ પણ સાલમાં 13 એપ્રિલે જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય રહેશે. નોકરી ધંધા વેપારમાં નવા ફેરફાર, ટેક્નોલોજી અને સરકારની નીતિ વગેરેના કારણે જવાબદારી અને બોજ વધે. આર્થિક બાબતે સામાન્ય રહે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સતાવે. સમાજમાં સામાન્ય રહે. કુટુંબ પરિવારની અપેક્ષા વધે. સરકારી કામ, કોર્ટ કચેરીમાં સામાન્ય રહે. સંતાનોના અભ્યાસ કેરીયરમાં ચડતી-પડતી રહે.ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓની મહેનત રંગ લાવે. વારસા જમીન જાયદાદ, વગેરે કામમાં વિઘ્નો આવે. વધારાની આવકની યોજનામાં મિત્રોનો સાથ મળે. ઘર, વાહન, મકાનનાં વર્ષની શરૂઆતમાં વડીલોની મદદથી કામ પાર પડશે. યાત્રા-પ્રવાસ ધર્મ-કર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ રવિ-સોમ બુધવાર, 04,13,22,31 તારીખે નવાં કામ કરી શકાય. ભૂરા રંગનો ઉપયોગ કરતાં રહેવું. નવેમ્બર ડિસેમ્બર, શનિ-શુક્રવાર, 7,16,25 તારીખે નવા કામ ટાળવાં. સફેદ રંગનો ઉપયોગ ઓછો કરવો.